## જાહેરાત

**ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી ગાંધીનગર સંચાલિત શાળાઓ માટે ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં વિદ્યા સહાયકની ભરતી જાહેરાત**

**ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ત્રીજો માળ, બિરસામુંડા ભવન, સેકટર ૧૦/A, ગાંધીનગર.**

---

ગુજરાત સરકાર આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી ગાંધીનગર દ્વારા સંચાલિત એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાઓ અને મોડેલ શાળાઓમાં આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ નં. ઇ.એમ.આર.એસ./૧૦૨૦૧૬/૧૦૭૭/ઘ, તા.૧૪/૧૨/૨૦૧૬ ની જોગવાઇ અન્વયે ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં (ગુજરાતી માધ્યમ તથા ૧ અંગ્રેજી માધ્યમની શાળામાં) વિદ્યા સહાયકની પસંદગી અંગેની ૯૧ જગ્યાઓ માટે નીચે જણાવેલ વિગતે પસંદગીના ધોરણે ભરવા પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ ૦૧/૦૬/૨૦૧૭ થી ૧૫/૦૬/૨૦૧૭ સુધી www.eklavya-education.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓનલાઇન અરજી કરવાની રહેશે. ભરવાપાત્ર ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના વિદ્યા સહાયકની જગ્યાની વિગતો નીચે મુજબ છે.

**ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓની અંદાજે કુલ ખાલી જગ્યાઓની જાતિવાર વિગત દર્શાવતું પત્રક**

| કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી બિન અનામત | કુલ જગ્યાઓ પૈકી અ.જા. | કુલ જગ્યાઓ પૈકી અ.જ.જા. | કુલ જગ્યાઓ પૈકી શ.શૈ.પ.વ. |
|---|---|---|---|---|
| ૯૧ | ૪૮ | ૬ | ૧૩ | ૨૪ |

**<u>શૈક્ષણિક અને અન્ય લાયકાત:</u>**

1. માન્ય યુનિવર્સિટી કે શૈક્ષણિક સંસ્થાના સંબંધિત વિષયની સ્નાતક અને બી.એડ ની ડીગ્રી ધરાવતા હોવા જોઈએ.
2. ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા લેવામાં આવતી ટીચર્સ એલીજીબીલીટી ટેસ્ટ (TET)ની પરીક્ષામાં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ સાથે અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પાસ કરેલ હોવા જોઈએ.
3. કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.
4. ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને ભાષાનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ

ઉપરોકત જગ્યાઓ પૈકી સરકારશ્રીના વખતો વખતના ઠરાવોની જોગવાઇઓ અન્વયે મહિલા અનામત જગ્યાઓની ભરતી કરવામાં આવશે. ઉપરોકત જગ્યાઓ પૈકી માજી સૈનિકો માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત રહેશે. તદ્દપરાંત માજી સૈનિકની જગ્યાઓ ન ભરાય તો આ જગ્યાઓ ઉપરોકત જે તે કેટેગરી વાઇઝ ભરવામાં આવશે.

ઉપરોકત જગ્યાઓ પૈકી પર્સનસ વીથ ડીસએબીલીટી એકટના સેકશન ૩૪ મુજબ શારિરીક રીતે અશકતતા ધરવતા ઉમેદવારથી ભરવાની રહેશે. આ પ્રકારની કેટેગરીના વિકલાંગ ઉમેદવાર ના મળે તો અન્ય કેટેગરીના વિકલાંગ ઉમેદવારથી જગ્યા ભરી શકાશે.

ઉપરોકત નિયમ અનુસાર ભરવાપાત્ર અનામત ખાલી જગ્યાઓની વિષયવાર/કેટેગરી વાઇઝ ઉપલબ્ધ જગ્યાઓની વિશેષ વિગતો વેબસાઇટ ઉપર રજુ કરેલ છે. ઉમેદવારોએ નિયત ફી પોસ્ટ ઓફીસની કોઇપણ શાખામાં વેબસાઇટ પર જણાવવામાં આવેલ સુચનાઓ અનુસરીને તા. ૦૧/૦૬/૨૦૧૭ થી ભરવાની રહેશે. ઉચ્ચત્તર પ્રાથમિક વિભાગમાં મહત્તમ વય મર્યાદા ૩૩ વર્ષ કરવામાં આવેલ છે. અનામત કક્ષાના ઉમેદવારો માટે નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છૂટ છાટ આપવામાં આવશે.

**કાર્યપાલક નિયામક**
**ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી**
**ગાંધીનગર**